પ્રેમભક્તિ–ગ્રન્થમાળા

યુગપલટો અને મહાસુદર્શન

ન્હાનાલાલ દલપતરામ કવિ

प्रेमभक्ति-ग्रन्थमालानां

નવાં પુસ્તકો

યુગપલટો અને મહાસુદર્શન

છપાય છે, ને આ વર્ષમાં બહાર પડશેઃ

ઇન્દુકુમાર, અંક ૨ જો

ઉદ્‌બોધન: કેટલાંક ભાષણોનો સંગ્રહ

વિશ્વગીતા

પ્રેમભક્તિ-ગ્રન્થમાલા

——:o:——

		પ્રથમ આવૃત્તિની સાલ
૧,	કેટલાંક કાવ્યો...	૧૯૦૩–૦૮
૨,	રાજ્યસ્ત્રોની કાવ્યત્રિપુટિ... ...	૧૯૦૩–૦૫–૧૧
૩,	વસન્તોત્સવ	૧૯૦૫
૪,	ઇન્દુકુમાર, અંક ૧ લો	૧૯૦૯
૫,	ન્હાના ન્હાના રાસ	૧૯૧૦
૬,	શ્રીમદ્ ભગવદ્‌ગીતા, સમશ્લોકી ...	૧૯૧૦
૭,	જયા–જયન્ત	૧૯૧૪
૮,	મેઘદૂત–સમશ્લોકી	૧૯૧૭
૯,	ઉષા	૧૯૧૮
૧૦,	ચિત્રદર્શનો	૧૯૨૧
૧૧,	રાજર્ષિ ભરત	૧૯૨૨
૧૨,	પ્રેમકુંજ	૧૯૨૨
૧૩,	પ્રેમભક્તિ–ભજનાવલી	૧૯૨૪
૧૪,	સાહિત્યમન્થન	૧૯૨૪
૧૫,	વૈષ્ણવી ષોડશ ગ્રન્થો, સમશ્લોકી ...	૧૯૨૫
૧૬,	શકુન્તલાનું સંભારણું	૧૯૨૬

પ્રેમભક્તિ-ગ્રન્થમાલા

रसो वै सः

યુગપલટો અને મહાસુદર્શન

કર્તા

ન્હાનાલાલ દલપતરામ કવિ

વિ. સં. ૧૯૮૩] [ઇ. સ. ૧૯૨૭

કીંમત એક રૂપીઓ

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૫૦૦

મુદ્રણસ્થાન
"ગુજરાતી" પત્રનું ન્યૂઝ પ્રિન્ટિંગ પ્રેસ,
કાળા ઘોડા પાસે, એક-હાઉસ લેન,
કોટ, મુંબઈ.
મુદ્રક:—મણિલાલ ઇચ્છારામ દેસાઈ, બી. એ,

પ્રગટકર્તા:—ન્હાનાલાલ દલપતરામ કવિ
ભદ્ર, અમદાવાદ.

'ગુજરાતી' પત્રના ગયા દીવાળીના અંકમાં છપાયેલું યુગપલટો નામનું કાવ્ય તથા તે પછી લખાયેલું ત્હેના જ જેવા વિષયનું મહાસુદર્શન નામનું કાવ્ય ગુજરાતને ચરણે ધરૂં છું. બન્નેનાં વસ્તુ લોકવિખ્યાત છે, ને હજારો વર્ષથી ભારતવર્ષની જનતા એને વિચારતી આવી છે. ભૂત, વર્તમાન ને ભવિષ્ય ત્રણે કાળનો એ વાર્તાઓ તો ભારતીય મહાપ્રજાનો સનાતન વારસો છે.

ન્હાનાલાલ દલપતરામ કવિ

અનુક્રમ

युगपलटो

अथवा

श्री गोकुलशामांथी कुरुक्षेत्रविधाता

વિષયસ્ફોટન

મથુરા છોડી ગુજરાતને સાગરતીરે પધાર્યા પછી શ્રી કૃષ્ણદેવનો શો વિકાસ થયો ? એ આ કાવ્યનો મધ્યવર્તી પ્રશ્ન છે. કૃષ્ણદેવ સુન્દર મટી ભવ્ય થયા, એ આ કાવ્યનો ઉત્તર છે. એ સુન્દર ને ભવ્ય ઉભય સ્વરૂપો रसो वै सः ના જ નિરનિરાળા અવતાર છે એ આ કાવ્યનું રસસમાધાન છે.

ક્યા પ્રસંગને લીધે એમ થયું, ગુજરાતની કઈ સમૃદ્ધિએ એમને ઘડ્યા, યુગપલટાના મહાસંજોગે એમાં શો ભાગ ભજવ્યો, હસ્તિનાપુરના હથોડા એમના યે હૈયામાં કેવાક વાગ્યા વિગેરે અનુષંગી કથાનકો છે.

મહારાષ્ટ્રીય વિદ્વાન ને ઇતિહાસપર્યેષક શ્રી ચિન્તામણ વિનાયક વૈદ્યે ‘કૃષ્ણચરિત્ર’ નામનો મનનીય ગ્રન્થ સ્વભાષામાં લખ્યો છે, ને ત્હેનું સંસ્કારી ગુજરાતી ભાષાન્તર થયેલું છે. એ ભાષાન્તરનાં છેલ્લા ચાર પાનાંઓમાં શ્રી કૃષ્ણચરિત્રની સાલવારી આપેલી છે. તે ઉપરથી તારવેલી નીચેની સાલવારી આ ઐતિહાસિક કાવ્યનો કાળ, વાતાવરણ તથા ગુજરાતે પધાર્યા પછી શ્રી કૃષ્ણદેવનો થયેલો વિકાસ સ્હમજવામાં સારી સહાયતા કરશે ધારીને અહીં આપી છે.

યુગપલટો

શ્રી કૃષ્ણદેવનું આયુષ્ય	ઇસ્વી સન પૂર્વેની સાલ	પ્રસંગ
શ્રાવણ વદ અષ્ટમી	૩૧૮૫	શ્રી કૃષ્ણદેવનો જન્મ: ગોકુલ પધારવું.
૧૮ વર્ષ	૩૧૬૭	કંસવધ: મથુરામાંવાસ: સાંદીપનિ ઋષિને આશ્રમે.
૨૨	૩૧૬૩	હિમાદ્રિમાં પાંડુનું મૃત્યુ; બાલપુત્રોને લેઇ કુન્તાજીનું હસ્તિનાપુર આવવું; કુન્તાજીના આશ્વાસન કાજે અક્રુરને હસ્તિનાપુર મોકલવા.
૨૪	૩૧૬૧	મથુરા સમેટી સાગર મધ્યે દ્વારિકા વસાવી; યુગ ઉંઘીને જાગેલા મુચકુન્દને કલિદર્શન.
૨૫	૩૧૬૦	રુકિમણીવિવાહ.
૪૩	૩૧૪૨	દ્રૌપદીસ્વયંવર.
૪૫	૩૧૪૦	ઇન્દ્રપ્રસ્થની સ્થાપના.
૫૩	૩૧૩૨	અર્જુન તીર્થયાત્રાએ.
૬૫	૩૧૨૦	સુભદ્રાહરણ.
૬૭	૩૧૧૮	ખાંડવ વન બાળ્યું; અભિમન્યુનો જન્મ.
૬૮	૩૧૧૭	ધર્મરાજાનો રાજસૂયયજ્ઞ, ને શ્રીકૃષ્ણશિષ્ટાઇ.
૭૦	૩૧૧૫	હસ્તિનાપુરમાં દ્યૂત, ને પાંડવવનવાસ. સુભદ્રા મહિયરિયે.

૮૩	૩૧૦૨	મહાભારતનું યુદ્ધ: ગીતા: વિરાટદર્શન,
૮૪	૩૧૦૧	દ્વાપર ઉતર્યો, કલિ બેઠો.
૧૧૯	૩૦૬૬	જાદવાસ્થળી ને શ્રી કૃષ્ણદેવનો દેહોત્સર્ગ.

આમ લગભગ એક સદી—આયુષ્યનાં ૯૫ વર્ષ શ્રી કૃષ્ણદેવે ગુજરાતખોળે ગાળ્યાં.

આ કાવ્યમાંનો વાર્તાપ્રસંગ સ્હમજવાને એ જ ગ્રન્થમાંથી નીચેના બે ફકરા ઉપયોગી થશે:

પા૦ ૧૨૮: દ્યૂતમાં હાર્યા પછી "ધર્મરાજા અને ચારે પાંડવો વલ્કલ પહેરી વનવાસ માટે નીકળ્યા: સતી દ્રૌપદી પણ વલ્કલ પહેરી ત્હેમની સાથે નીકળ્યાં. વૃદ્ધ કુન્તી વિદુરને ઘેર રહી. અને પાંડવોની ઇતર સ્ત્રીઓ સુભદ્રા સહ પોતપોતાના મહિયેર દુ:ખ કરતી ચાલી ગઇ."

પા૦ ૧૩૦: શલ્વને મારી "શ્રી કૃષ્ણ દ્વારિકા પાછા આવ્યા પછી પાંડવો દ્યૂતમાં હાર્યાની દુ:ખકારક હકીકત ત્હેમના જાણવામાં આવી. એટલામાં સુભદ્રા પણ અભિમન્યુને લઇ મહિયેર આવી. ત્હેના મોઢે પાંડવોનો અને વિશેષત: દ્રૌપદીનો થયેલો છળ સાંભળી ત્હેમને ઘણું જ માઠું લાગ્યું. પાંડવોને વનમાં મળી ત્હેમનું સાંત્વન કરવા માટે શ્રી કૃષ્ણ તત્કાલ નીકળ્યા."

પાને ૮૧ મેથી એક વધારે ફકરો ટાંકું છું:

યુગપલટો

દ્વારિકા વસાવી યુદ્ધ આપવા પાછા ફરેલા શ્રીકૃષ્ણનો પીછો કાળયવને લીધો. ધોળપુરના ડુંગરાઓમાં ત્હેને દોરી જઇ એક ગુફામાં ત્રેતાયુગથી મુચકુન્દ પોઢેલો હતો ત્હેના નેત્રમાંથી નીકળેલી જ્વાલાથી કાલયવનને શ્રીકૃષ્ણે ભસ્મ કરાવ્યો. પછી "મુચકુન્દે હાલમાં કયો યુગ ચાલે છે એમ શ્રી કૃષ્ણને પૂછ્યું. એટલે 'હાલમાં દ્વાપર યુગ પૂરો થવા આવ્યો છે, કલિયુગની શરૂઆત થઇ છે એમ સ્હમજો,' આમ શ્રી કૃષ્ણે ત્હેને કહ્યું. શ્રીકૃષ્ણને નમસ્કાર કરી મુચકુંદ ગુહાબહાર નીકળ્યો તો ત્હેને સર્વ વાત ચમત્કારિક જણાઇ. ન્હાનાં ન્હાનાં માણસો, ન્હાનાં ન્હાનાં વૃક્ષો, ન્હાની ન્હાની ગાયો, બળદ ઇત્યાદિ સર્વ જ જીવસૃષ્ટિ અલ્પ પરિમાણની, અલ્પ બલની અને અલ્પ ઉત્સાહની થયેલી જોઇ."

આભમાં કોયલો બોલે
એવી બંસી બોલતી હતી.
સાગર ને હિરણના સંગમતીરે
આભઢોળાઇ ચન્દનીના ઢગલા સમા
વળુના ઉન્નત ઢગશિખરેથી
બંસી બોલતી હતી. ૬

પ્હેરોડ ઉગવાને વાર હતી.
તે પ્રાતઃસ્નાન કરી પધાર્યા હતા.
દુનિયા તજી જતા દેવત્વ જેવો
ચન્દ્રમા સાગર ઉપર લટકતો, ૧૦
પૂર્ણિમા પશ્ચિમમાં આથમતી હતી.
હજી અરુણપગલીની પાંખડીઓ
પૂર્વના પડદાની પાછળ હતી.
ત્હો યે અન્તરિક્ષ ચમત્કારિક હતું.
એક યુગ ઉતરી બીજો બેસતો હોય
એવો મહાયોગ આભમાં ઝંખાતો. ૧૬

વાંસળી યે જાણે

છેલ્લીવેલ્લી વાગતી ન હોય
એવી અનુપમ મધુરપે વરસતી;
મંહીથી જાણે સ્વાતીનાં મોતી ઝરતાં.

જગત જાણે થંભ્યું હતું.
પ્હરોડ ઉગતાં યે જાણે વાર લાગતી.
ચન્દ્રદેવ થંભ્યો ભાસતો,
તારકસંઘ થંભ્યો ભાસતો;
આસ્માનનો ગેબી ગુંબજ
જાણે ફરતાં થંભ્યો ભાસતો;
સાગરમાં હૈયું ઠાલવતી
હિરણ ક્ષણેક થંભી ભાસતી;
કાલચક્ર ઘૂમતું થંભ્યું ભાસતું:
જાણે જગતને યે ઘડીયેક
વાંસલડીએ મધુરપની મૂર્છા પાઇ.

સાગરની જલઘટાઓમાં,
અન્તરિક્ષનાં પલ્લવઝુંડોમાં,
ગગનની અતલ ગુફાઓમાં,

દિશાઓનાં નિઃસીમ વનવનમાં,
માધુર્યની કો ગેબી પાંખે બેસી
બંસીબોલ ઉડતા હતા.

"કૃષ્ણ!"

બંસીબોલનો યે પ્રાણ બોલે
એવો કલરવ મંજુલ હતો,
ને બંસીબોલમાં તે ડૂબી ગયો.

બંસી તો બોલ્યે જ રહી.
તારલીઓ મીટ માંડી ઉભી,
જાણે ગોપીઓનાં નેનનાં પ્રતિબિંબ.
પછી સરિતા, સરોવર શી, હેલે ચ્હડી,
જાણે વ્રજાંગનાનું હૈયું.
સાગર હિન્ડોળે ચ્હડ્યો,
જાણે વ્રજની ઝાડીઓ.
જલપાંખડીઓ ઉપર પલાંઠી વાળી
આથમતો ચન્દ્રદેવ
કાન માંડી બેઠાઃ

જાણે જગતનું ભાવિ આલોચતો
સમાધિસ્થ કો ઋષિઆત્મન.
અમૃતની ઝરમર સરિખડી
જગત ભરી મધુરપ વરસતી હતી. ૫૫

"કૃષ્ણા! આજ શું વ્રજ સાંભર્યું?" ૫૬

વડલાની ડાળ ધ્રૂજે,
અંગુલિઓ એમ ધ્રૂજી ગઈ.
મેઘહૈયેથી ઇન્દ્રચાપ પડે ને ઝીલાય,
અધરેથી એમ બંસી પડી, ૬૦
ને પડતાં પડતાં જ ઝીલાઈ.
બંસીનયનોમાં પરોવાઇ
બ્રહ્માંડ નિહાળતાં નયનો,
બીડાતાં પોયણાં શાં, બીડાયાં.
ને મીટ ભરી ઉઘડ્યાં ત્હારે
લજ્જાની ગુલાબી પગલીઓ
આંખડલીનાં પુષ્પોમાં પડેલી હતી. ૬૭

"કોણ—સુભદ્રા!

અરુણમાંથી ઉતરી?
કે પ્રભાતની પાંખે પધારી?
ભલે, બ્હેનડ! પધાર,
દ્વારિકા પાવન થશે ત્હારે પગલે.
ક્ય્હારેક આવી છો?
હસ્તિનાપુરના તો કુશળ છે ને સમાચાર?
હા, આ આથમતી પૂર્ણિમા નિહાળી
રાસપૂર્ણિમા સાંભરી હતી.
ને રાસપૂર્ણિમાની રસવેણુ છેડી:
ત્ય્હાં બીજી બંસરી સમી
બ્હેનડ! તું બોલી."

"કૃષ્ણ! આ વ્રજ નથી;
આ તો છે ધરતીનો છેડો."

"હા, આ ધરતીનો છેડો છે.
ધરિત્રીનો છેડો! ધરિત્રીનો–
ને આ પૂર્ણિમા આથમે છે.
આ સાગર ગરજે છે–"

"એ સાગર ગાજે છે?
કે કાલની નૌબત ગડગડે છે?" ૮૭

"યદુકુળની કોકિલા
આજ ભીષણ બોલ બોલે છે." ૮૯

"હા, કૃષ્ણા! હા, ૯૦
આજ કોયલ ઘોર શબ્દે ગાજે છે.
કારણ કે ઘોર યુગ ઉગે છે,
કારણ કે ધરિત્રી ભરીભરીને
ભીષણ પડછાયા પથરાયેલા છે." ૯૪

"યદુકુલની કોકિલા નહિ;
ગાંડીવધન્વાની સહધર્મચારિણી
આજે ગાજે છે;
અભિમન્યુની માતા આજ ઉચ્ચરે છે.
કહે–કહે હસ્તિનાપુરના સમાચાર." ૯૯

"કૃષ્ણા! ત્હેં નથી સાંભળ્યું ૧૦૦
–સારૂં જગત ભાખે છે તે–
કે યુગપલટો ઉગે છે?" ૧૦૨

"બ્હેનડ! હું પૂછું છું
તે મ્હારે જાણવાને માટે નહિં;
તું શું જાણુ છ તે જાણવાને."

"ત્‌મ્હારે સાંભળ, કૃષ્ણા!
જોરશોરથી જનતા ઉચ્ચરે છે
કે યુગપલટો આવે છે.
ચૌદ વર્ષ પછી કલિ બેસશે;
ને કલિનાં મંડાણ જ મંડાશે
મહાઘોર સંહારથી.
હસ્તિનાપુરના પાયા ડગમગ ડોલે છે."

"હા, ચૌદ વર્ષ પછી કલિ બેસશે.
ને મ્હેં યે સાંભળી છે
અઘોર-અઘોર એ ભવિષ્યવાણુ
કે કલિના મંડાણને વર્ષે જ
કુરુક્ષેત્ર શોણિતશેડોથી ફાગ ખેલશે.
આજે અવલોકતો હતો આ વાતાવરણ.
જગત સ્હમજે છે સ્હવાર ઉગે છે;

હું નિહાળતો હતો
પ્રભાતમાં આ રાત્રીની પગલીઓ.”

“મ્હેં સાંભળ્યું છે, કૃષ્ણા !
કે શેષથી ભાર નથી સહાતે
મથુરા નગરી સમેટી લીધી;
જળધિમાં ધરતી ઢોળાઇ જાય છે ત્ય્હાં
દ્વારામતી વસાવી મ્હારા વીરે;
ત્ય્હારે ધરતી ધ્રૂજી હતી–”

“પણ ત્ય્હારે કાલયોગ ન્હોતો ઉગ્યો
ધરતીનો ભાર ઉતારવાનો.”

“અને હજી યે કેટલેક
આઘેરોક છે એ મહાસંજોગ?
રાજસૂય યજ્ઞમાં ધજાગરો તો ચ્હડાવ્યો,
ભારતરાજકુલનો મુગટમણિ થઇ ઝળક્યો.
હજી યે ક્ય્હારેક આદરવા છે
જીવનના મહામંડાણ?
સાંભળીને લાક્ષાગૃહની વાર્તા?

નિરખીને દ્રૌપદીની દામણી અવદશા?
હજી યે વાંસળી વગાડવી છે ત્હારે?
હવે તો હું યે લાજું છું."

"બ્હેનડ! વરઘોનો ડંકો વાગ્યે
દેવનિશાન ફડફડતાં ઉડશે,
આભભેદન્તાં ને જયપંખાળાં.
સુભદ્રા! બીજું શું જાણુ છ?
આવી છો ત્હારથી
વિમાસતો કીધો છે મ્હને."

"વીર! રમત ક્ય્હાં સૂધી રમવી છે?"

"બ્હેનડ! સાંભળ:
સારી જીંદગી જ બ્રહ્મરમત છે-સુજ્ઞોને."

"રમત રસયોગીન્દ્રની યે હોય,
રમત રાજયોગીન્દ્રની યે હોય.
ને નથી જોતો તું કે
બીજો યુગ ઉગે છે આ?

આ કાલિન્દીનો છલબલાટ નથી;
આ તો સાગરઘોષણા ગાજે છે." ૧૫૪

"તું યે સાંભળ છ
ને હું યે સાંભળું છું
બદલાયેલા એ કાલબોલ." ૧૫૭

"દ્યૂતનાં છલ, દ્રૌપદીચીરહરણ,
ધર્મનું અપમાન, પાંડવવનવાસ,
વારણાવટ, લાક્ષાગૃહ— ૧૬૦
શું શું તું નથી જાણતો?
એ પોકાર ત્હને નથી બોલાવતા?" ૧૬૨

"હું યે સાંભળું છું
બદલાતા યુગનાં એ આમન્ત્રણ.
દિશા–દિશામાંથી ન્હોતરાં આવે છે;
સાંભળું છું." ૧૬૬

"એ બંસીબોલના પડઘા છે?
કે કાળની નૌબતના પડઘા?" ૧૬૮

"એ છે કાળની નૌબતના પડઘા.

મ્હેનડ! તું સાચ્ચું ઉચ્ચાર છઃ
હસ્તિનાપુર હિલોળે ચ્હડ્યું છે;
શેષ નાગ શિષ ધૂણાવે છે.
જો! સુભદ્રા! જો!
પૂર્ણિમા આથમે છે પશ્ચિમમાં.
નીતરી ગયાં એનાં અમૃતકિરણો.
ને જો! ઉગતી ભવિષ્યલેખા શી
પૂર્વમાં અરુણોદયની પગલીઓ."

"એ તો છે સંહારના શ્રુતિબોલ.
હું તો સાંભળીને આવી હસ્તિનાપુરમાં;
કલિયુગ સંસારનાં બારણાં ઠોકે છે."

"પહેલવહેલાં સાંભળ્યાં મુચકુન્દે
એ આવન્તા નવયુગનાં પગલાંઓને.
ત્રેતામાં ઉંઘેલા એ
દ્વાપરઅન્તમાં જાગ્યા ત્ય્હારે
કલિના પડછાયા પડ્યા'તા પૃથ્વીમાં.
ન્હાનાં વૃક્ષો, ન્હાની ગાયો,

ન્હાનકડાં ન્હાનકડાં માનવી,
ને એમના ન્હાનકડા શા ઉત્સાહ:
મુચકુન્દની આંખડીએ એ ચમત્કાર દીઠા
જગતમાં પથરાયેલા યુગપલટાના. ૧૯૦
બ્હેનડ! તું બીજી સાંભળનારી
આવતા યુગની એ ઘોર પગલીઓને.” ૧૯૨

“હસ્તિનાપુરમાં હું સાંભળીને આવી.
કૃષ્ણા! રમત ક્ય્હાં સૂધી રમવી છે?
વ્રજનાં વન ને યમુનાનાં નીર ત્યાગ્યાં,
રમત ત્ય્હારે જ ત્યાગવી હતી.
હવે જો! આ અનોખા અરુણોદય,
ને આ નવયુગના નવધર્મ.” ૧૯૮

“બ્હેનડ! તું કોને બોધ છ?” ૧૯૯

“બ્રહ્માંડમુગટ શા મ્હારા વીરને. ૨૦૦
ક્ષણેક ચ્હડે છે–ક્ય્હારેક ક્ય્હારેક–
બ્રહ્મદેવને યે પડછાયાની પામરીઓ.
કૃષ્ણા! બંસીબોલ સમાપ્યા,

હવે શંખઘોષણા ગજાવ.
સરિતાતીરે બંસીબોલ શોભે,
સાગરતીરે શંખનાદ સોહાય.
લાવ, બંસી મ્હને દે;
હું તે સોરઠિયાણીઓને સોંપીશ.
ઉઠાવ ત્હારો પાંચજન્ય,
ને ગજાવ સંસાર ભરીભરીને ૨૧૦
મહાસાગરના આ મહામન્ત્રો." ૨૧૧

અર્જુનપત્નીના એ બોલથી
વાયુ યે થરથરતો હતો. ૨૧૩

"જમનાતીરે તું ફૂલ હતો,
ને ફૂલ શું મધુરૂંક ફોરમતો.
આજે જો! યુગપલટાનો અરુણોદય.
સાગરતીરે–ધરતીને છેડે
આજ વીર મ્હારો છે જગમેઘ.
ને મેઘ શો ગડગડશે જગત ભરીને." ૨૧૯

"ને સુભદ્રા! ત્હેં સાંભળી છે? ૨૨૦

એ બંસી ચે ઘેરી–ઘેરી બોલે છે.
આ વેણુ છે રેવતાચળનાં વનની:
મંહી ભરેલા છે સિંહશબ્દના હુંકાર.”

“અર્ધી–અર્ધી સદીનાં, મ્હારા વીર !
અંહી–ધરતીની પરવાડે
ત્હેં જગતતપેશ્વરીએ તપ માંડ્યાં:
અર્ધી–અર્ધી સદીભર
રેવતવનના સિંહનાદ ઝીલ્યા:
અર્ધી–અર્ધી સદીભર
સાગરતીરે સાગરમન્ત્રણા પીધી.
વ્રજમાં તું હતો મધુરપની ઝરમર:
સોરઠને આરે તું સોહામણો
થયો ગાજન્તો મેઘાડંબર.
બંસીબોલ ઘૂંટાઇ ઘૂંટાઇને
મ્હારા કૃષ્ણદેવના થયા મેઘનાદ.
ગોપિકાનાં જીવન ઘડ્યાં:
હવે ભારતનાં ભાગ્ય ઘડ.
વ્રજનો રસવિધાતા થયો:

હવે થા ભારતનો ભાગ્યવિધાતા.
જો! અરુણ આશિષો વરસે છે.
યુગની બાજી સમેટી લે.”

વીરાંગનાના શબ્દટંકારથી
પ્રાચીનાં બારણાં ઉઘડ્યાં,
અરુણની ટશરો ફૂટી,
ને નવયુગના ભાગ્યોદયના આંકડા શા
કુંકુમકિરણો આભભાલે આલેખાયા.
બધે કેસરિયો રંગ છંટાયો
–જાણે જગતે કેસરિયાં કીધાં.
પૂર્વનાં એ કેસરછાંટણાં
મહાસાગરે પણ હૈયે ધર્યાં,
ને દુનિયાને આરેઆરે જઈ ઉછાળ્યાં.

“બ્હેનડ! હસ્તિનાપુરના ચોકમાં
મહાભીષણ પગલાં પડે–ઉપડે છે,
આ સાગરલહરો એના પડછન્દવા.
કાનવાળા સૌ એ સાંભળે છે.

આંખવાળા સૌ એ જૂવે છે.
આજે ઉગે છે નવું જ પ્રભાત,
ને આજે જાગે છે નવું જ જગત.
પ્રભાતે ને પ્રભાતે, બ્હેનડ !
જગત તો નવલું જ ઉગે છે હો !
સૂતું હતું એ જગત ઉઠતું નથી.
કેટલા યે તારલા રાત્રિમાં ઉગે છે,
કેટલા યે તારલા રાત્રિમાં આથમે છે.
કાલે સન્ધ્યાકાલે સૂતું હતું
એ જગત આજે સ્હવારે નથી.
જગત એટલે જ વ્હેતાં પાણી.
સૂર્યદેવ એના એ છે,
મહાકાલ એનો એ છે:
ત્હો યે રોજ ને રોજ ઉગે છે
નવું જગત ને નવાં પ્રભાત.
સુભદ્રા ! સૌ યે સાંભળે છે આજ
આ યુગપલટાના પડછન્દવા.
નગરનગરના ચોકચન્દરવે

બોલે છે એ મહાબોલ.
હિમાદ્રિશિખરેથી પડતા–ગડગડતા
ગંગાના ધોધના પડઘા
ભારતઘેરન્તી સાગરઝાડીઓમાં ઘોરે છે.
દિશાઓ દિશાઓ સંગાથે વાતો કરે છે.
બદ્રીકેદારનાં ધર્મતીર્થ
રામસેતુને વાર્તા પૂછે છે,
જગન્નાથજીનાં જગત્તીર્થ
પ્રભાસને ઇતિહાસ પૂછે છે,
ગોકુળ–મથુરા–વૃન્દાવનની વનકુંજો
દ્વારામતીની સાગરકુંજોને કથા પૂછે છે.
જો ! ઉદયાચળે સૂર્યદેવ,
ને અસ્તાચળે ચન્દ્રદેવ:
પૂર્વે ને પશ્ચિમે જાણે કલ્યાણવાતો માંડી!
કિરણોનાં બાણ ફેંકી ફેંકી
દિશાઓ જાણે દિશાઓને
અંગુલિઓના ઇશારા કરે છે.
હસ્તિનાપુરના રાજમહેલનાં

પગલાંની પડઘીઓ સાંભળતો નથી
ત્હેને કાન જ નથી લોકસંગ્રહના.
બ્હેનડ! ત્હારો વીર બ્હેરો છે?"

"મ્હારો બન્ધુ છે બાવન વીર.
કૃષ્ણદેવ તો છે સાગર શા ગંભીરા."

"જો! આ અરુણોદયમાં જો!
હસ્તિનાપુરના સન્દેશા ઉતરે છે.
ધર્મરાયે રાજનગરી છાંડી;
કુન્તામાએ રાજમહેલ છાંડયો;
જગત્‌લક્ષ્મી સમી દ્રૌપદી જતાં
હસ્તિનાપુરનાં તેજલક્ષ્મી હરાઇ ગયાં;
ભરતકુળના કુલમહિમા સરિખડી
અન્ય મહારાણીઓ મહિયરિયે સિધાવી.
ને જો! એ હસ્તિનાપુરની યે પાછળ;
જરા ઉત્તરે, બ્રહ્માવર્તમાં, સરસ્વતીતીરે:
ત્હારા જોગીનાથે ખાંડવવન બાળ્યાં'તાં ત્હેવા,
સળગતા ડુંગરાઓ સમોવડા,

કુરુક્ષેત્રમાંના ભડભડતા ભડકાઓ;
અઢાર ક્ષોણીઓનો સંહાર,
ભરતકુલનો મહાવિનાશ.
ઓર છે આજના પ્રભાતનો યુગપલટો."

"મ્હારો સમરથ વીર
બંસીનાદમાંથી શંખનાદ બોલાવશે,
કોકિલબોલમાંથી મેઘશબ્દ ગજાવશે,
કાલિન્દીના કલકલ્લોલમાંથી
સાગરઘોષણા ઘોરાવશે,
ભારતનો ભાગ્યવિધાતા થશે,
ગીતા ગાઈ જગદ્‌ગુરુ બનશે,
એવું ઉચ્ચરે છે આજનું પ્રભાત.
આજ ત્હારો પુણ્યોદય ઉગે છે,
આજ ત્હારી જીવનસિદ્ધિ પ્રગટે છે.
પૃથ્વીવાસીઓ ભૂલશે નહીં
આજનું પયગામવાહી પ્રભાત.
પૃથ્વીમાં ક્ય્હારેક જ ઉગે છે
આજનાં સમોવડાં પ્રભાત."

"પાંચજન્ય લાવી છો?"

"પ્રકૃતિમૂર્તિ લક્ષ્મીજીને ઓરડેથી
પાંચજન્ય લેતી આવી છું.
સાગરઘોષણા પૂર ત્હારા શંખનાદમાં,
ને ગજાવ નગરનગરના ચોક.
મ્હને આપ એ વાંસલડી,
હું સોરઠિયાણીઓને આપીશ;
અને સોરઠિયાણીઓ થશે
મધુરપની યુગમૂર્તિઓ."

"સુભદ્રા! સાંભળ.
નરી આંખડલી દેખે છે
ક્ષત્રિયત્વને જગત જીતતું.
જગત્પડદાઓ પાછળ ન્હાળન્તાં નયણાં
નિરખે છે બ્રાહ્મણત્વને જગત જીતતું.
સંસારયજ્ઞનો આચાર્ય છે બ્રાહ્મણ;
એ બ્રાહ્મણની યજ્ઞપ્રેરણા સોમવલ્લી;
એ સોમવલ્લીના સ્વામી તે સોમનાથ.

ક્ષત્રિયતીર્થ હસ્તિનાપુરનો પડોશ ત્યાગ્યો,
બ્રાહ્મણતીર્થ સોમનાથનો પડોશ સાધ્યો.
ક્ષત્રિય એટલે જગતની વીરતા,
બ્રાહ્મણ એટલે જગતની ભવ્યતા.
પેખું છું આવતા કુરુક્ષેત્રના ઓળાઓને.
ગાંડીવધારીની સહધર્મચારિણી!
લે, મ્હારો કોલ છેઃ
જગત્‌જ્યોતિષી બ્રહ્મા જગત્‌ભાગ્ય લખે,
ઋષિજન કો યુગવિધાતા થાય,
એવો થઇશ ભારતનો ભાગ્યવિધાતા.
દ્વાપરને સમેટું છું,
કલિનાં સોગઠાં માંડું છું.
ગોપીઓને બંસીનાદે રમાડી
એમ સિંહનાદે ખેલાવીશ સિંહોને.
આ અરુણોદયથી યે અધિકડા
ભાગ્યના આંકડા પાડીશ ભારતભાગ્યે.
મધુરપનું ફૂલડું ઉતારૂં છું હું ય તે.–
લે, આજથી છોડું છું આ બંસી.

સ્મરણોને યે ભૂંસું છું સ્મૃતિપટથી.
મહાકાલના દુંદુંભીનાદ સમો,
ચૌદ લોકની ઘોષણા સરિખો,
ગજાવું છું મ્હારો શંખનાદ.
એ નાદે પાપના ઓટ થશે,
એ નાદે પુણ્યની ભરતી ચ્હડશે.
સુભદ્રા ! સાંભળ ત્હારા વીરનો શંખનાદ:
જાણે આભમાં કાળની પગલીઓ ગાજે.” ૩૬૯

એણે ગહન દિશાઓ જોઈ, ૩૭૦
એણે ઉછળતો મહાસાગર નિહાળ્યો,
એણે આંખડીથી આભ માપ્યાં,
એણે અન્તરનાં અજવાળાં ઓળખ્યાં,
એણે પાયથી પૃથ્વી ઠોકી જોઈ.
પછી પુષ્પ સમી બંસરી
બ્હેનડ સુભદ્રાને દીધી,
કાલપુષ્પ શો પાંચજન્ય કરમાં લીધો.
ગજશૂંઢમાં કમલ શો શંખ શોભતો.

મેઘપાંદડીએ કો તારલો વિરાજે
એમ પાંચજન્યને અધરે પધરાવ્યો,
ને મંહી મહાપ્રાણ પૂર્યો.
બ્રહ્માંડ ભરી બ્રહ્મશંખ ગાજી રહ્યોઃ
જાણે નવયુગના યુગધર્મની
નવઋચાઓ ગરજી.

"બ્રહ્મે તપસ્ આદર્યું,
તપોધન બ્રહ્મ પ્રફુલ્લ્યું,
ને એમ નવસૃજન સરજાયાંઃ
એ ઉપનિષત્‌વાર્તા, વીર !
ત્હેં આજ સાચી પાડી.
અર્ધી-અર્ધી સદીના સાગરવાસની
ત્હારી તપશ્ચર્યા ફળી આજ."

એ શંખઘોષણાથી
આભના મહાદુર્ગ ફાટ્યા,
ને મંહીથી સૂર્યદેવ પ્રગટ્યા.
ઉગતા સૂર્યમાંથી કિરણો ઉડે

એમ કૃષ્ણદેવનાં અંગઅંગમાંથી
અન્તરિક્ષભરતાં અજવાળાં ઉડી રહ્યાં.
મેઘવર્ણા દેહસ્થંભે
વીજળી શાં નયનબાણ રમતાં.
ચન્દ્રિકા મટી સૂર્યભર્ગ ભભૂકે,
એમ પ્રતાપભાસ્કર સમા કૃષ્ણદેવ
સુન્દર મટી ભવ્ય થયા.

"મ્હારા યે જીવનમાં, બ્હેનડ!
યુગપલટો ઉગ્યો આજ.
આત્માની સરિતાના સાગર થયા."

"સુરાષ્ટ્રને સાગરવાસે થયેલો
એ ત્હારો આત્મવિકાસ, વીર!
ને એ યે रसो वै सः નો જ અવતાર.
બાલમુકુન્દ મટીને
વિરાટસ્વરૂપ થયો મ્હારો કૃષ્ણદેવ.
મનુષ્યોમાં હિમાદ્રિ શો ઉભો આજ."

વડલાને લતા નમે

સુભદ્રા એમ કૃષ્ણદેવને પ્રણમી રહી. ૪૧૩

ચુગપલટાની મહાઘોષણા
સહસા એમ ગાજી ઉઠી.
ને મહાસાગરના મહાવનની
વિટપેવિટપે ને જલપાંદડીએ–પાંદડીએ
એ ભેરવનાદની પગલીઓ પડી. ૪૧૮

એવે ભગવાન સૂર્ય નારાયણે
કિરણગૂંથ્યું તેજકવચ ધરાવ્યું, ૪૨૦
તેજમંજરીનો મુગટ પ્હેરાવ્યો,
કિરણો વરસી કૃષ્ણદેવને આશીર્વાદ દીધા. ૪૨૨

આભમાં સહસ્ર મોરલા ગરજે
એવો એ શંખનાદ ગરજતો હતો. ૪૨૪

એ મહામહેરામણને આરે,
બીજા માનવમહેરામણ સરિખડા,
ચુગપલટાની સાક્ષાત્ મૂર્તિ સમોવડ,
ચુગપલટાનો શંખનાદ ગજાવતા,

કૃષ્ણદેવ ત્ય્હાં ઉભા હતા.
કાલલહરીઓ શી જલલહરીઓ 430
આવી આવીને ચરણ ચુંબી જતી. 431

સોમતીર્થનો ભીષણઘોષ સાગર
આજે યે એ શંખનાદ ઘોરાવે છે. 433

•:o:•

महासुदर्शन

વિષયસ્ફોટન

મહાભારતમાંનાં નીચેનાં અવતરણો આ કાવ્યમાંના વાર્તાવિભાગના મૂળ ફણગા દાખવશે.

'પછી મહાતેજસ્વી મહામુનિ વ્યાસે ભાગીરથીના પવિત્ર જળમાં ઉતરીને સર્વે લોકોને તીરે બોલાવ્યા.' શ્લો. ૪

'એટલે જળમાં, હે જનમેજય! કુરુની ને પાંડુની સેનાઓનો યોગ થતાં જેમ એક મ્હોટો તુમુલ શબ્દ થયો હતો તેમ, મ્હોટો શબ્દ થયો.' શ્લો. ૬

'પછી તે જળમાંથી સૈન્યો સહિત ભીષ્મને ને દ્રોણને મોખરે રાખીને ચાલતા તે સર્વે હજારો પાર્થિવો બહાર આવ્યા.' શ્લો. ૭

'હે નરાધિપ! સત્યવતીના પુત્ર મુનિ વ્યાસે પ્રસન્ન થઇને પોતાના તપોબળથી તે વેળાએ × × દિવ્ય ચક્ષુઓ આપ્યાં હતાં તે વડે ત્હેમણે સર્વેને જોયા.' શ્લો. ૧૭

'એ દશ્ય અદ્ભુત હતું, અચિન્ત્ય હતું, મહાન હર્ષ અને રોમાંચ કરનારૂં હતું. સર્વ જણાંએ પાંપણ હલાવ્યા વિના વિસ્મય થતાં એ સર્વ જોયું.' શ્લો. ૧૯

'આનન્દિત નરનારીથી ભરપૂર જલ ઉપરનો એ જાણે એક ઉત્સવ જ હતો.' શ્લો. ૨૦

શ્રી મહાભારતે આશ્રમવાસિક પર્વમાં 'ભીષ્માદિનું દર્શન' એ નામનો અધ્યાય ૩૨ મો.

યાદવોના નાશની વાત યુધિષ્ઠિરે સાંભળ્યા પછી અર્જુનને આ પ્રમાણે કહ્યું: 'હે મહામતિવાળા! કાળ સર્વ ભૂતોને પકાવે છે, કાળના પાશને હું માન આપું છું; શ્લો. ૩ × × એટલે કૌન્તેય—અર્જુને 'કાળ, કાળ' એમ કહીને પોતાના બુદ્ધિમાન મ્હોટાભાઇના તે વાકયને ટેકો આપ્યો. શ્લો. ૪ × × પછી × × રાજા પરિક્ષિતને પોતાના રાજ્યનો અભિષેક કર્યો. શ્લો. ૬ × × × ને તે નરપુંગવોએ પોતપોતાના સર્વ અગ્નિઓને જળમાં પધરાવ્યા ને ચાલતા થયા.' શ્લો. ૨૨

મહાપ્રાસ્થાનિક પર્વ, અધ્યાય ૧ લો.

એ એક કન્દરા હતીઃ
જાણે નીરનો અતલ પાતાલકુંડ.
નીરના રંગ એ એના રંગ હતા.
ગહનતાને આરે ત્ય્હાં સૌ બેઠા હતા.

દિશાઓ દેખાતી ત્ય્હાં સૂધી ચોમેર
યોજનવિસ્તરતી વેરાનની વિજનતા હતી.
ત્ય્હાં ગગનની નગરીઓ હતી,
ત્ય્હાં વાયુના પડછન્દ બોલતા.
પાણીપત પ્રારબ્ધની હાથેળી સમોવડ હતું,
મહાસંસ્કૃતિઓ એ હાથેળીમાં રમતી.
કાળના શંખનાદ સરિખડા,
સૂનકારના ભેરીશબ્દ સમોવડા,
ઘોર ઘોર સમીરણના વંટોળ,
ગેબના ઘંટારવ સમા, ત્ય્હાં ગાજતા;
ને જગતને જાણે કહેતા કે
'સાંભળજો આ કાળનો ડંકો.'

વાદળવર્ણી ને પાતાળઊંડી
જાણે એ એક મહાકન્દરા હતી.
વિધવિધવર્ણો સમસ્ત સંસાર
એને કહેતો બ્રહ્માવર્તનો બ્રહ્મકુંડ. ૨૦
એ હતો કાળનો કૂવો.
ભૂતભાવિનાં દર્શનને કાજ
સંસારયાત્રીઓ ત્ય્હાં સંચરતા.
કુરુક્ષેત્રના ગેબી બ્રહ્મકુંડને આરે
શિલાઓને પાટે માનવશિલાઓ સરિખડા
એ ત્ય્હાં બેઠા હતા. ૨૬

કુરુક્ષેત્રનો એ બ્રહ્મકુંડ
કાળલીલાનું જાણે સરોવરિયું હતો. ૨૮

એને આભપડછાયો યે કહેતા.
ગેબનું એ દર્પણ હતું, ૩૦
ગહનતાના પડછાયા ત્ય્હાં પડતા.
અદૃષ્ટના ઉકેલણહારાઓ
પાણીનાં એ પાનાંઓને પઢતા. ૩૩

મહાવન બળી ભસ્મ થાય
ને વચ્ચે પાંચ વડલાઓ રહે:
એમ અઢાર ક્ષોણી સેનાનાં વન-
ને એનો એક એક યોધરાજ
એ પ્રફુલ્લેલો વૃક્ષરાજ હતો.—
એમ અઢાર ક્ષોણી સેનાનીઓનાં મહાવન
સંહારની વિશ્વઝાળમાં ભસ્મ થયાં:
અવશેષમાં આ પાંચ વડલા હતા.
કુરુક્ષેત્રની વિજનતાના વંટોળ વાતા,
કાળના ડંકા સમોવડ વાયુ ગડગડતા,
ને સ્હમજે ત્હેમને ભીષણ શબ્દે પ્રબોધતા કે
'સાગર ઉછળતો ત્ય્હાં આજ સૂનકાર છે.'

વડલા ફરતી વડવાઈઓ સમી
વલ્કલધારિણી એમની વીરાંગનાઓ વિરાજતી:
જાણે તપોવનમાંની ત્યાગમૂર્તિઓ.
સંસારના વિસામા સમોવડા સન્મુખ
મુનિપુંગવ વ્યાસ નારાયણ હતા:

જાણે કાળગુફાના જોગન્દર.
સારો યે દિન વનઅટવીઓ ઘૂમી ઘૂમીને
થાકઝંખવાયેલા સિંહરાજો
સન્ધ્યાકાલે સરોવરતીરે વિશ્રામે,
એમ હસ્તિનાપુરના પંચાયતન સિંહરાજો
જીવનનાં વનવન ઘૂમી–ઘૂમીને
બ્રહ્માવર્તના બ્રહ્મકુંડને આરે વિરાજતા. ૫૭

પીળાં પાન સમી રાજરાણીઓ
નિસ્તેજ પણ સુવર્ણવર્ણી હતી. ૫૯

ગેબના બોલ શા મહામુનિ ઉચ્ચર્યાઃ ૬૦
'પિતૃશ્રાદ્ધ કીધું, પિતૃલોકને ન્હોતર્યો;
નિરખો હાવાં ભૂતકાળની ભૂતાવળ.
કુરુક્ષેત્રનો પુણ્યવિજય— ૬૩

'વિજય! આ તે વિજય કે પરાજય?
આને વિજય મા ભાખોઃ
આ તો છે પરાજયની પરાકાષ્ઠા.

મ્હોરેલાં મહાવનમાં દાવાનળ સળગાવી
એની ભસ્મભરી ખીણો વચ્ચે
એ સંસારચિતાના ભસ્મઢગ અવલોકતાં
શિખરપંચાનન ઉભાં રહે;
એવો છે આ સંગ્રામવિજયઃ
જાણે સંસારચિતાના ભારેલા ભસ્મઢગલા.
મહાસેનાનો માત્ર નથી આ સંહાર,
મહાસંસ્કૃતિનો સંહાર છેઃ
આર્યકુલની મ્હોરેલી શાખાઓનું
જાણે સમૂળું ઉચ્છેદન.'

ગુફામાં ઘૂમરતો મહાવાયુ ગાજે,
ધર્મરાયના ચહોની ગુફા
એમ ઘેરે શબ્દે ગાજી ઉઠી.
પછી પૃથાપુત્રોના પુરોહિતદેવ ઉચ્ચર્યાઃ

'યુગના યુગ ભાખશે એને
કુન્તીકુમારોનો પુણ્યવિજય.
ને ભારતસન્તાનોની મહાવાર્તામાંથી

પરમ નીતિમન્ત્ર સારવશે મનુવંશ
કે यतो धर्म स्ततो जयः
જનતા ઉજવશે કુરુક્ષેત્રનો વિજયોત્સવ
ને ભૂગોલ ગાશે કુરુક્ષેત્રનાં મહાગીત
પૃથ્વીનાં આયુષ્યની અવધો સૂધી.
લ્યો આ આચમન,
ને પૂર્ણાહુતી કરો પિતૃશ્રાદ્ધની.'

'પિતૃઓ ક્ષમા કરશે એ સંહાર?
કુલદેવતા માફ કરશે એ કુલધ્વંસ?
મહામુનિ! નિહાળો કુરુક્ષેત્રનો રણપગથારઃ
નિર્જનતાના વેરાનનો જાણે જગવિસ્તાર-
સેનાનીઓનો ત્ય્હાં સાગર ઉછળતો;
ને અક્કેકો યોધરાજ હતો
એ માનવસાગરનો મહામોજ.
સૂનકારના વિશ્વચોક સરિખડું
આજે ઉભું છે આ કુરુક્ષેત્ર,
જાણે જલઉલેચેલું જગસરોવરિયું.

મનવાતરોને નિહાળતા મહામુનિ!'
સંહાર વિના શું સંસાર ન જ નભે?'

પાંડુપુત્રોનો એ ત્રિકાળપ્રશ્ન
આભની દિવાલોને જઈને અથડાયો;
પૃથ્વીના હૈયામાં એનો પડઘો પડ્યો.

'મહાનુભાવ! ભૂલો છો,' બ્રહ્મર્ષિ બોલ્યા.
'સંહાર એટલે જનસૃજન, મૃત્યુ એટલે નવજન્મ.
નવસૃજનવિહોણા સંહાર
અધર્મ અનાચાર અનાર્યતા છે.
જૂવો–જૂવો, કાળના આ પડદા સંકેલાય.
નિહાળો, મહારાજ!
જુગજુગના જન્માન્તરની આ જગત્‌વાર્તા.'

તેજતેજની પ્રતિમા સમા
સત્યમૂર્તિ ધર્મરાય ઉચ્ચર્યાઃ
'આજ્ઞા મુનિવરની.
ઉઘાડો બ્રહ્માંડમંડલના પડદાઓને,

ને દાખવો ભરતગોત્રનો ગુણમહિમા.
આત્માના મહાશોકને ઉતારશે
એ અદ્દ્ભુત દર્શન.' ૧૧૯

'એક જ શરતે ઉઘડે છે ૧૨૦
ગેબની ગહનતાનાં આવરણ.
નહિ તો તો આયુષ્યે સંકેલાય
ત્ય્હારે જ સંકેલાય છે એ બ્રહ્માંડપડદાઓ.' ૧૨૩

'ફરમાવિયેઃ પાળીશું સહુ યે.' ૧૨૪

'ભરતગોત્રનો ભૂપાલવંશ ભાગ્યશાળી છે;
મહાનુભાવ છે, ઉર્ધ્વદૃષ્ટ છેઃ
ધર્મ પાળશે ત્ય્હાં સૂધી અમ્મર છે.
ધર્મધ્વજી રાજન્! સાંભળિયે,
ને શોકના શલ્યને પરિત્યાગિયે.
શોક એ મહાશિલા છે હૈયાની. ૧૩૦
અશ્રુથી ધરતી દઝાડતા નથી,
'ઓહો' શબ્દે આભને થડકાવતા નથી,

સંકેલાતા આભ સરિખડા
એમને બ્રહ્માંડપડદા સંકેલાય છે;
વિશ્વંભરનાં યોગસિંહાસન સમોવડાં
ગેબનાં સિંહાસન દર્શન દે છે એમને.
સર્વકલ્યાણ ઝંખતી આંખડલીને
ગહનતા યે દૃષ્ટિદેશ છે,
યુગયુગનાં આભ ને લોકલોકની લીલા
એમને ટોડલે મૂકયાં દેવઅજવાળાં છે. ૧૪૬
શુદ્ધ આંખડલી જ વિશુદ્ધને ઓળખશે.' ૧૪૭

'મહામુનિ! પત્થરમાંથી યે પાણી ટપકેઃ
શિલા યે સજીવન હોય તો
મંહીથી ઝરણુ ઝમઝમે.
આણની આજ્ઞા દ્યો છો તો, ભલે,
કાળમીટથી યે કઠુણ થઇશું.
પણ સચેત શિલાથી યે
માનવીને નઠોર સરજશો?' ૧૪૮

'કૂટસ્થઃ ઘણના ઘાવ પડે

કે કનકની આંગીઓ ચ્હડે, 150
રહો યે સ્થિરબુદ્ધિ ને એકસ્થ:
વાવાઝોડામાં ન ડોલે તે રત્નદીપ;
એમ સંસારિયાના વંટોળ વચ્ચે યે એકજ્યોત:
ઉદયાચળે ઉગતાં કે અસ્તાચળે આથમતાં
એક અખંડ જગત્‌જ્યોતિર્બિમ્બ:
સદાયનો તેજવર્ણો, આનન્દરંગી, આત્માનન્દી.
બ્રહ્માનન્દના આનન્દોત્સવિયા જ
કાળકન્દરાના જોગન્દર છે.
બ્રહ્માંડરસની ભરતીમાં એ ઝીલે.' 159

'આ પાળના પત્થર થઇશું, 160
આ પાધરના પાળિયા બનીશું.
યુગદ્રષ્ટા મહામુનિજી!
દર્શન કરાવો પુણ્યપ્રતાપી પિતૃલોકનાં,
વિધાતાના હૈયા શી ગેબની ગહનતાનાં,
કે ક્ષમા યાચિયે આત્માની અઘોરતાની,
આર્ય સંસ્કૃતિના મહાસંહારની.
મહર્ષિ! એ હતો સંસ્કૃતિનો સંહાર.' 167

આભ એકદૃષ્ટ હતું.
કુરુક્ષેત્રના વંટોળ થંભ્યા હતા.
વૃક્ષરાજોની નવકુંપળો યે
થડ જેવી સ્થિર હતી.
પ્રારબ્ધ સમું અનિલવર્ણું અન્તરિક્ષ
પૃથ્વીપડ સમું અડોલ હતું.
તેજનાં એક કિરણો વરસતાં,
પૃથ્વી એક બ્રહ્મયાત્રાએ સંચરતી.
કુરુક્ષેત્રની વિજનતાને
દિશામંડળનો દુર્ગ ઘેરતો.
આત્માનાં આયુષ્ય સમો વાતાવરણ
ગહન પુણ્યવન્તો પારદર્શક અનન્ત વિસ્તરતો.

કુન્તીકુમારના મહાશબ્દો
જલ પર બાણુ શા જઇને પડ્યા.
બ્રહ્મકુંડના પાતાલતલ જલપગથારે
જાણે કટારીઓ વરસી.
જલ ફાટ્યાં; જલમાંનાં આભ ઉઘડ્યાં;
ગહનતાના દુર્ગદ્વાર સંકેલાયાં.

વવસન્તે વાયુમાં આંબાના મ્હોર ઉડે
મ જલફૂવારાના શિકરો ઉડ્યા,
શિકરશિકર ફાટી જોગમાયાઓ પ્રગટીઃ
ાણે ગહનતાની સાક્ષાત્ મૂર્તિઓ.
જવાદળીની ઘડેલી દેહવલ્લરી હતી,
ાભનાં ઓઢણાં હતાં,
રલા શી આંખડીઓ તગતગતી
એ આંખોમાંથી અન્તરનાં અજવાળાં ઉગતાં.
રુક્ષેત્રના બ્રહ્મકુંડ જેવી જ ગેબી
ખની મુખમુદ્રા હતી.
ાગ્યનાં કમંડળ સમોવડાં,
ગનાં શરભાથાં સરિખડાં,
ન્ધદેશે ખપ્પર ભરાવેલાં હતાં.
કૃતિની મહાપુત્રીઓ શી જોગણીઓ
ગથિયાં ચ્હડતી હતી.
ચેકની બાહુડાંખળીએથી
ગઘંટા લટકતી.

બ્રહ્માંડડંકો વાગ્યો,

જાણે ગેબની ઘંટા વાગી.
પછી ફૂલપાંખડીની ફોરમ ફરફરતી હોય,
કે અદ્ભુતતા મધુરપ વરસતી હોય,
એવી જલઘંટડીઓ બોલી રહી,
ને મીઠપનો મધુરવ થયો.
જગતની જોગમાયાઓનો ગરબો ગાજ્યો. ૨૦૯

રસની રમણાએ અમે નીસર્યાં રે લોલ; ૨૧૦
ભવ્યભાગ્ય અમે બ્રહ્મનન્દિની
આનન્દિની રે લોલ:
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ.

એક જોગમાયા:
કાલકન્દરાની હું તો કાળિકા રે લોલ;
જન્મમૃત્યુ નેણનાં મુજ હાસ:

સહુ જોગમાયાઓ:
બ્રહ્મનન્દિની
આનાન્દની રે લોલ:
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ. ૨૨૦

લોકલોકની અમે વિધાત્રીઓ રે લોલ;
ઉદયઅસ્ત એ અમારા રાસઃ
બ્રહ્મનન્દિની
આનન્દિની રે લોલઃ
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ.

એક જોગમાયાઃ
આનન્દચૌદશે હું અવતરી રે લોલ;
ઝીલું આનન્દના રસલ્હાવઃ

સહુ જોગમાયાઓઃ
બ્રહ્મનન્દિની ૨૩૦
આનન્દિની રે લોલઃ
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ.

વિશ્વવિશ્વના વિહારે વિહરતી રે લોલ;
સૃજનપ્રલય ખેલિયે ધૂપછાંવ; બ્રહ્મનન્દિની
આનન્દિની રે લોલઃ
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ. ૨૩૬

વચ્ચે વચ્ચે કાલઘંટા વાગ્યે જતીઃ
જાણે યુગપલટાનો ડંકો બોલ્યો.

આંખડલીમાં દેવદીવડા,
ભાલે ભમ્મર ઉપર દેવદીવડા,
અલકલટોમાં મોતી શા દેવદીવડાઃ
અંગોઅંગે દેવદીવડિયાધારિણી,
પાંદડેપાંદડે અગ્નિજીવાળી વૃક્ષઘટા સમી,
જોગમાયાઓની ચોસઠ જોગવેલીઓ
બ્રહ્મકુંડને પગથિયે પાય માંડતી.
ગહનતાના પછેડા ઓઢેલા હતા,
ત્રિકાળનાં અંજન આંજેલાં હતાં,
વદનકાન્તિમાં આભની ભયંકરતા વિરાજતી.
વિશ્વભીષણતાની મૂર્તિઓ સમોવડી
મહામૃત્યુની અધિદેવીઓ આવતી હતી.

'રાજન્! નિરખી લ્યો
જગતની આ સંસારદુર્ગાઓ.
વિશ્વનું ઘોર સત્ય કહું ?

સૃષ્ટા સૃજન પૂર્વે સંહારને સરજે છે,
જન્મ પૂર્વે આયુષ્યની અવધો આંકે છે.
નિરખો કાળની આ ખડ્‌ગમૂર્તિઓને.’

‘અઘોર છે એમનાં દર્શનઃ
જાણે વજ્રની વજ્રાંગનાઓ.
ધરણી ધ્રજે છે એમને પડછન્દે;
ચેતનને ચે મૂર્છા ચ્હડે છે.’

શૃંગાળા ગિરિવરનાં શિખરો સમા
પાંચે ચે પુરૂષપ્રવરો અડોલ હતા
ભવની એ ભયંકરતાની સન્મુખે.
ગમ્ય કે અગમ્ય ભયછાયાથી
નરવીર કમ્પતા નથી કદા.
પાતાળે જાણે મુખ ઉઘાડ્યાં:
મંહીથી જ્વાલાઓ ને તણખા ઉડતા.
કાળની ભઠ્ઠીને કાંઠે
કુન્તીકુમારો જાણે બેઠા હતા.
એ કાળભઠ્ઠીની મહાઝાળમાં

કંઈ કંઈ સંસાર સરજાતા ને સંહારાતા. ૨૭૧

'એ છે જોગમાયાઓનો પરિવાર.
ને ધર્મપુત્ર! ધારો છો એવએવડાં
જગતૢઝાળનાં નથી એમનાં અંગો.
અડધી દેહ છે એમની અગ્નિઘડેલી,
ને બીજી અડધી છે જલબાંધેલી.
જગતની કાલિકાઓ એ છે,
જગતની અંબાઓ યે એ છે.
મૃત્યુકન્દરાની એ મહાદેવીઓ
ત્‍હમારે કાજે સંકેલશે ૨૮૦
મૃત્યુલોકના અન્ધારપડદાઓને.' ૨૮૧

ચોસઠ દિશાઓને અણિઅગ્રે
જોગમાયાઓ વેરાઈને વિરાજી:
જાણે દિશાદિશાની અધિષ્ઠાત્રીઓ. ૨૮૪

'એમનાં ત્રિશૂળની ફણાફણાએ તો
લીલમલીલાં નાગનેત્રો ચમકે છે!' ૨૮૬

'પૃથ્વીનાં એ પ્રારબ્ધ લખે છે આજ.
જૂવો, યુગપલટો ઉગે છે અત્યહારે,
દ્વાપર ઉતરી કલિ બેસે છે.
ને પુણ્યાળુ! પૃથ્વીલોક એટલે જ
સૃજન સંહાર ને સૃજનલીલા;
તેજઅન્ધકારનાં ધૂપછાંવ.
સૃજનલીલાના જ ઉપાસકો
બ્રહ્માંડનગરીના નગરચોકના છે ખેવટિયા;
સંહારચિતાના જ ભસ્મધારીઓ
બ્રહ્માંડની સ્મશાનશય્યાના છે ખાખીઓ.
રાજન્! જન્મ ને મૃત્યુ એટલે
બ્રહ્માંડદુર્ગના આવનજાવનના દરવાજા;
મંહી થઇને જનતા આવે ને જાય.'

પાણીના પાલવ સંકેલાયા.
જલલહરીઓ ડુંગરમાળ શી દેખાઇ;
વચ્ચે ખીણોના જગત્ચાસ ઝંખાયા.
અને અટવીઆચ્છાદી જગત્ખીણનાં
ઉંડાણમાંથી આભલાં ઉડતાં આવે,

એ જલખીણોમાંથી એવા પિતૃપ્રવર પ્રગટ્યા. ૩૦૫

જોગણીઓના ડંકા વાગતા જ હતા;
જાણે જગતને જગાડતા ને કહેતા
કે 'અવસરનો યોગ ઉગ્યો છે.' ૩૦૮

ભવાટવીને પાંદડે પાંદડે એમ
યુગપલટાના પડછાયા પથરાતા. ૩૧૦

હવેલીને ઝરૂખે ઝરુખે મોરલા બેસે
એવા જગત્ઝરુખે ગોત્રપ્રમુખો વિરાજતા. ૩૧૨

બ્રહ્મબોલ સમા મુનિપુંગવ ઉચ્ચર્યા;
'અંજલી ઉદકથી ભરો;
સૂર્યબિમ્બ સમા અનિમિષ નયણે
આ જલમણિઓમાં નિહાળી રહો;
આશાવન્તાંઓ ઇચ્છાદર્શન પામશે.' ૩૧૭

સંસારનો થાક સ્હડેલા જેવા
વૃદ્ધ સિંહ સમોવડા પાંડુકુમારો

બ્રહ્માવર્તના બ્રહ્મકુંડને આરે બેઠેલા હતા,
ગહનતાની ગુફામાં નિહાળતા હતા.

રત્નખાણમાં જઈને જોયું છે?
સન્ધ્યાવર્ણા વ્યોમચન્દરવે
નક્ષત્રમંડળનાં દેવઝુમ્મરોને તો
ઉતરતાં દીઠાં જ છે ને?
જલભૂલભૂલામણીના કચ્છને કો કાંઠડે
અગ્નિજીવાળી વૃક્ષરાજી નિહાળી છે ને?
ફૂલખરણીમાંથી ફૂલડાં ઝરે
કે ભંભોટિયામાંથી અગ્નિતણખા ઉડે;
જલલહરોની ડાંખળીએ ડાંખળીએ
એવા જીવાત્માના સ્ફુલિંગો ઉડી રહ્યા.
મન્દાકિનીની સહસ્રસેર દેવમાલા વિખેરાય
ને દિશદિશમાં તારલિયાની વર્ષા વર્ષે,
આત્મતત્ત્વની વર્ષાનાં એવાં ફોરાં
અન્તરિક્ષ અજવાળતાં ઉછળતાં.
દેહદેશે આશ્ચર્યપુલક પલપલે છે
એમ વિશ્વપુલક પલપલી રહી,

ને જગત*પાછળનાં જગત ઉઘડ્યાં.
સન્ધ્યાની સન્ધિકાના મહેલ સમા
પિતૃલોકના દેવાશ્રમ દેખાયા.
પ્રારબ્ધડાળેથી ફળ વીણતી,
આશાની પાંખે ઉડતી,
દેવયાન માર્ગે દૃષ્ટિકિરણો પાથરતી,
પુણ્યપાપનાં આભરણ ઓઢેલી,
ભરી ભરી વાદળી સમોવડ
ભરેલી પણ મેઘશામળી,
વિહંગરાજ સરિખડી ઉર્ધ્વદૃષ્ટ,
બ્રહ્મતીર્થના યાત્રીઓ સરિખડી
પિતૃલોકમાંની પિતૃજનતા
આયુષ્યપાળની પગથીઓ ચ્હડતી હતી.
ચન્દ્રમાનાં કિરણમંડળ સમોવડી
પૃથ્વીલોકમાં તે ઉતરતી,
ને પરાવર્તન પામી પાછી ઉડતી.
અને અખંડ એક મન્ત્ર ઉચ્ચરતી કે
'પૃથ્વીનાં આયુષ્યની અવધો
એ આત્માનાં આયુષ્યની અવધો નથી.'

અનન્તને ઓળખાવતા મહામુનિ બોલ્યા:
'રાજન્! પૃથ્વી કંઇ બ્રહ્માંડછેડો છે?

વડલે બેઠી ચરકલડીઓ ઉડે,
એમ પાંચે ય માનવવડલેથી
દૃષ્ટિની ચરકલડીઓ ઉડતી.
વડવાઇનાં ટેરવાંની રક્તિમા સમી
રૂપમણિઓની અંગુલીઓની રક્તિમા
અદ્‌ભુતના આશ્ચર્યનિર્દેશ નિર્દેશતી,
ને વદતી: 'નાથ! આ અદ્‌ભુતના દેશ.'
તેજનીતરી તારલી દિશામંડળને નમે
એમ રાજદેવીઓ પિતૃપ્રવરોને પ્રણમી.
નકુલદેવે નમણો કીધી;
સહદેવે પ્રજાપ્રજાઓનાં ભાગ્ય વાંચ્યાં;
મધ્યાહ્નનો સૂર્ય ઝંખવાય તો નેત્ર ઝંખવાય
એવા પરાક્રમમૂર્તિ ભીમસેને
નેત્ર ઢાળી અંગ પ્રણુમ્યાં;
ગાંડીવધન્વાએ ધનુષ્ય ચરણમાં ધર્યું.
ધર્મનીષ્ઠ ધર્મરાજ ઉઠ્યા,

પૂજ્યને પૂજાપો સમર્પે એમ
આઠે અંગે પ્રણિપત કીધી, ને ઉચ્ચર્યાં;
'ક્ષમા દ્યો, અમારા અઘોર કર્મની ક્ષમા;
કુરુક્ષેત્રના સંહારની અમને ક્ષમા બક્ષો.
એ હતો સંસ્કૃતિનો મહાસંહાર.'

મહામુનિએ બાલક શા પંપાળ્યા,
તીર્થજલનો અભિષેક કીધો, ને કહ્યું,
'ક્ષત્રિયકુલના વીરવંશજને
ન હોય ધર્મયુદ્ધનું ક્ષમાયાચન.
મહાનુભાવ ભરતવંશ તો છે
પૃથ્વીનું પરાક્રમતીર્થ.
આશ્રમધર્મ વિરૂદ્ધ ઉચ્ચરો છો.
મહાભાગ ધર્મદેવ!
ધર્મ જ ધારી રહ્યો છે ધરણીને.'

કાળનો ડંકો વાગતો હતો;
પિતૃલોકની પડછાયાનગરીને
પાંડુપુત્રો પૂજ્યતાનાં ચક્ષુએ નિરખતા.

એવે એક ગગનકાટકો ગડગડ્યો;
જાણે વિધાતાનાં દુંદુભિ ગગડ્યાં;
જાણે કાળનાં મહાપૂર અથડાયાં.
કુરૂક્ષેત્રની ત્રિકાળઘોર મંડાણુતિથિએ
સેનાના મેઘ મહામેઘ શું પછડાયા
ત્ય્હારે ગાજ્યો’તો એવો મહાધ્વનિ,
આભવિદારતો એવો તુમુલ શબ્દ થયો.
દિશાઓમાં ઉભરાતો એનો પડઘો પડ્યો,
ને બ્રહ્મકુંડનાં પાતાળ ફાટ્યાં.
વનરાજીની પાછળ ગિરિશૃંગો દેખાય,
મેઘમાળાની પાછળ આભકાંગરા ઝંખાય,
આયુષ્યની પાછળ મૃત્યુનાં કરવત નિરખાય,
એવી કો ગેબની કરવતકાંગરી,
વિધાતાના ત્રિશૂળમંડળ સરિખડી,
બ્રહ્મકુંડના જલઉછંગેથી ઉછળતી આવી.
પ્રાગટ્યની પહેલી પળે ભાસ્યું કે
પૃથ્વીપુષ્પને જાણે પાંખડીઓ પ્રગટી.
પછી જાણે જલક્યારીમાં ખડ્ગ ઉગ્યાં.

પછી જાણે સાગરના જલકોટ મંડાયા.
પછી જાણે તાડવનનાં ધૂનન ધૂણ્યાં.
અને પછી–પછીની યે પછી, ને પછી
ઇન્દ્રની બાણફણાઓના વજ્રકાંગરા
સન્મુખ અન્તરિક્ષપાટે મંડાયા.
યજ્ઞકુંડ જ્વાલામંડળ ઉછાળે એમ
અગ્નિચક્રના જ્વાલાઉછાળતા અર્ધવર્તુલે
મહદવકાશને ભરી દીધું.
દિગ્પાળોની દન્તુડીઓ સમી,
મહાકાળની જીહ્વાઓ સરિખડી,
એ ગેબચક્રની વજ્રદન્તુડીઓ
અન્તરિક્ષમાં આંકડા આલેખતી ઉભી.
એને દાંતે દાંતે લખ્યું હતું
'છે' ને 'નથી' ને 'છે.'
જગત ભરતું, અન્તરિક્ષ ભરતું,
મહાયજ્ઞના હોમધૂમ્ર સરિખડું,
આભમાં કાંગરી કોરતું કાળચક્ર ઘૂમતું.

'ધર્મદેવ! આ મહાસુદર્શન.

કુરુક્ષેત્રના કરપીણુ સંહાર
પ્રાણુને વિષાદવિષ પાય છે,
નિરખો આ બ્રહ્માંડોનાં સૃજન ને સંહાર.
પરમાણુ પાંગરી પત્થર થાય છે,
પત્થરમાંથી પર્વત પ્રગટે છે,
પર્વત પ્રફુલી લોકલોક સરજાય છે,
દુનિયાંઓ દળાઇ દળાઇ
પાછાં પરમાણુ ઢોળાય છેઃ
એ સૃજનસંહારનો મહાચક્રાવો.
જન્મમૃત્યુ એટલે જીવનલીલા.
દિશાચક્રાવે ઘૂમતું વિરાટચક્ર કહે છે
'રાજન્! જન્મમૃત્યુથી પર જો,
ત્ય્હાં છે પરમાનન્દના દેશ."

ડંકા વગાડી જોગમાયાઓએ
વિરાટચક્રની આરતી ઉતારીઃ
જાણે તારિકામંડળે ગગનમંડળને સત્કાર્યું.
વિશ્વનો ઘુમ્મટ ગાજી ઉઠ્યો.

કિરણસ્ફુરતો સૂર્યરાજ ચક્રાવે ચ્હડે,
મહેન્દ્રનું દેવધનુષ્ય દિશાઓને વીંઝે,
એમ એ મહિમાડોલન્તું મહાસુદર્શન
બ્રહ્માંડચક્રાવે ચ્હડ્યું.
વ્યોમપગથારમાં ચીલા પાડતી,
સ્થૂલસૂક્ષ્મમાં ગેબપન્થ કોરતી,
કાલઅવકાશને હૈયે પગલીઓ માંડતી,
વિધાત્રીની લેખિની સરિખડી
એની વજ્રદન્તાળી દન્તુમાલા
જગત્મન્ત્રો આલેખતી ઘૂમી રહી.
મણકો મણકો ઉછાળતી
બ્રહ્માંડનાથની અક્ષમાલા સરિખડી
મહાસુદર્શનની વજ્રદન્તુડીઓ
વિશ્વઘૂમણે ચ્હડી.
કુરુક્ષેત્ર ખેલતાં વીરનાં હૈયાં ખળભળે,
ભરતીઓટવેળા મહાસાગર ખળભળે,
પ્રલયવેળા લોકલોક ખળભળે,
એમ બ્રહ્માંડ ખળભળવા લાગ્યું.

પર્વત શા પાંડુપુત્રો અડોલ હતા.
પણ સૂર્યોદયે શિખરો અંજાય
એમ આંખડીઓ અદ્ભુતતાથી અંજાઈ.
પાંડવઅંગનાઓ વીરાંગનાઓ હતી,
કુરુક્ષેત્રના મહાસંગ્રામ રસદૃષ્ટે પીધા હતા,
પુત્રોને, પિતાઓને, બન્ધુઓને, ભાંડુઓને
હૈયાડાળેથી વીણી વીણીને
અઘોર રણયજ્ઞમાં હવિ શા હોમ્યા હતાઃ
એ પાંડવ વીરાંગનાઓ યે ક્ષણેક
મહાસુદર્શનના ભીષણ દર્શને
પુષ્પની પાંખડીઓ શી ધ્રૂજી ગઇ;
ને વડલાને વડવાઇઓ વીંટી વળે
એમ નિજ નાથને વીંટળાઇ વળી.
પદ્મિનીપાન પદ્મને હૈયે ચાંપે
એમ ઉત્તરાએ બાલ પરીક્ષિતને
હૈયાની પાંખડીઓની હુંફમાં લીધો.
થડ ફરતા ઘટાઘેર ઘેરાય
એવા એ માનવવડલાઓ

સૌન્દર્યઘટાથી શોભી રહ્યા.
એકૂકેયની વીરત્વઘેરી મુખમુદ્રામાં
ક્ષણુ પછી ભય ન્હોતો, ગ્લાનિ ન્હોતી.
અદ્ભુત દીઠે થતાં આશ્ચર્ય,
ગહન જોયે થતી ચકિતતા,
અણુસાંભળ્યું ને અણુકલ્પ્યું નિરખ્યે
થતું વાણીપરનું મૌનઃ
એ એમની આંખડલીમાં રમતાં.

'કુરુક્ષેત્ર પાછાં સજીવન થયાં.
નાથ! ગહનતાનો આ મહિમાલોક,
ભરતકુલના આ પિતૃપ્રવરોઃ'
ઉત્સવકંઠે ઉત્સાહ મૂર્તિઓ ઉચ્ચરી.

નરનો અવતાર, નૃલોકનો નરમણિ,
ગાંડીવધન્વા ગાંડીવટંકારે ઉચ્ચર્યો:
'કાળ, કાળ.'

વિરાટસુદર્શનની વજ્રદન્તુડીઓ,

વિધાત્રીની ત્રિશૂળફણાઓ સમોવડી,
દિશાઓને ડંખતી, ડોલાવતી, મ્હોરાવતી.
દન્તુડીએ દન્તુડીએ લોકલોક છેદાતા
ને નવસૃજન સરજાતાં.

ગેબનો મન્ત્રોચ્ચાર કરતા હોય
એવા મહામુનિ ઉચ્ચર્યાઃ
'કાળગંગા સરિખડું કુરુક્ષેત્ર
તરી ઉતરનારને ભય શા ?
ભરતકુલવધૂઓ ભયને ઓળખતી નથી.
અસીધારાવ્રત એમનાં જીવનવ્રત છે.
સદાશિવનાં કોદંડથી ખેલવાં
એ તો સીતાપુત્રીઓનાં છે આનન્દખેલ.
આયુષ્યની ખીણની પાળે પાળે સંચરવાં
એ તો જાણે સહિયરોનાં
નિત્યનાં જલબેડલાં ભરવાં જવાં.
મહાકાળના વંટોળ વાય,
પાંદડાં જેવા પામરો ફરફરે,
એ મૃત્યુની કેડીઓ

વીરાંગનાઓની છે પગદંડીઓ.
આ તો છે અદ્‌ભુતના અનુકમ્પ,
આ તો છે ગહુનતાનાં આશ્ચર્યડોલન.
દુઃખદીપતી દ્રૌપદી! સાગરમણિ શી સુભદ્રા!
વિરાટકણી સરિખડી કુલમાતા ઉત્તરા!
ભરતગોત્રની માતાઓ!
ત્હમારાં કાળજાં છે કાળનાં ઘડેલાં.
ગેબની ગહુનતાની યે પાર સંચરો;
ને પછી નિરખો આ વિરાટસુદર્શનને,
દિશાવિસ્તરતા બ્રહ્માંડભરમાં
ને બ્રહ્માંડપર ઘૂમડીએ ઘૂમતું.'

'વન્દન હો એ વિરાટચક્રને:'
પાંડવપરિવાર ભર્યે સ્વરે ઉચ્ચર્યો.

મુનિવર ક્ષણેક થંભી ગયા:
જગત્‌યાત્રાને જાણે વિસામે બેઠા.
પોતાને પોતે પળેક ન્હાનકડા ભાસ્યા,
પાંડવપરિવારે પળેક પામર લાગ્યો.

દૃષ્ટિમાં દેવના ડુંગર ડોલતા.
વિરાટસુદર્શનની દન્તુડીએ દન્તુડીએ
પરાક્રમજ્યોત પ્રગટતી હતી,
પિતૃમહિમા મ્હોરતો હતો.
હોમની પૂર્ણાહુતીને કાજે ઋત્વિજ ઉઠે
એમ પછી મુનિપુંગવ ઉઠ્યા,
ઘટાઘેરવન્તા વૃક્ષરાજ સમોવડા
હસ્તશાખાઓ વિસ્તારી વીંઝતા ઉચ્ચર્યા: ૫૩૯

'પૃથ્વીનાં પ્રારબ્ધીઓ ! ૫૪૦
આ ભયમૂર્તિ કાળચક્ર નથી,
આ તો આનન્દમૂર્તિ કલ્યાણચક્ર છે.
વિલોકો એ વજ્રદન્તુડીઓના અણીઅગ્ર:
એની નખરેખાઓમાં છે બ્રહ્મઅંગુલીઓ.
નિહાળો એનું સાગરવિશાળું નાભીચક્ર:
એમાં છે પરબ્રહ્મનું હૃદયમંડળ.
પારખો એનો અવકાશઉપરવટિયો પરીઘ:
એમાં છે પરમાત્મનની ભર્ગજ્વાલા.

એના સંહારમાં છે સૃજનના ફૂણગા.
ભરતકુલના હિતસ્વી,જગત્જનતાના જગત્ગુરુ,
વિશ્વના પુણ્યવંશના–પાપવંશના કલ્યાણક,
પ્રેમની પૂર્ણિમાના પૂર્ણેન્દુ,
આનન્દજ્યોત બ્રહ્માંડભાસ્કર,
જૂવો, શ્રી કૃષ્ણચન્દ્ર બિરાજે છે
એ વિરાટસુદર્શનને સિંહાસને.
સુદર્શનલીલા તો સુદર્શનધારીની છે.'

સકલ પાંડુપરિવાર ઉઠ્યો,
ને નમતીલળતી વૃક્ષરાજી શો નમ્યો.
પુષ્પ શાં અંગો ચરણમાં ઢાળ્યાં,
પરિમળ શા આત્મન્ અભિષેકમાં ઢોળ્યા.
વિરાટસુદર્શનનું નાભીચક્ર ત્ય્હારે
કૃષ્ણચન્દ્રના હૃદયમંડલ શું દર્શાયું,
વિરાટસુદર્શનની વજ્રદન્તુડીઓ ત્ય્હારે
બ્રહ્મઅંગુલીઓ સરિખડી નિરખાઈ.
અને દાંતે દાંતે મન્ત્ર માંડેલો દીઠો
'વિશ્વકલ્યાણ.'

વિરાટસુદર્શન વિરાટકમલ શું ભાસ્યું;
ને એની પાંખડીએ પાંખડીએ
પાંડુપુત્રોએ પિતૃપ્રવરોને પ્રતિષ્ઠિત પેખ્યા.
એમની આંખોમાંથી આશીર્વાદ વર્ષતા.

આઘે–આઘેથી કાલઘંટા વાગી;
જગતની જોગમાયાઓ ગરબે ઘૂમતી'તી.

ભવ્યભાગ્ય અમે બ્રહ્મનન્દિની
આનંન્દિની રે લોલ:
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ.

મહાકાળના ડંકા વગાડતી,
સૃજનપ્રલયનાં ગીત ગાતી ગાતી
અદૃશ્યમાંથી જોગમાયાઓ ઉતરી,
ને બ્રહ્માંડસુદર્શનની દન્તુડીએ દન્તુડીએ
અકૂકેકી આરૂઢી બેઠી.
મહાચક્ર તો ચૌદે લોકને ચક્રાવે ઘૂમતું.
એમનાં અખેપાત્ર શાં ખપ્પર

વિધાત્રીની કંકાવટીઓ થયાં,
એમનાં ત્રિશૂળના ભાલાઓ
વિધાત્રીની ભાગ્યલેખિનીઓ બન્યા.
અમંગલ સહુ મંગળ સ્વરૂપ થયું.
મહામૃત્યુના સંહારક્ષેત્રો યે
પુનર્જન્મની કયારીઓ રૂપ ઝંખાયા.
પાછળ કુરુક્ષેત્ર સજીવન થઈ ઉઠયું.
અઢાર ક્ષોણીના પ્રચંડ પડછાયા ૫૯૦
ઘડીક ત્યહાં ઘૂમી રહ્યા. ૫૯૧

વીજભરી વાદળી શી
ભરતકુલમાતા ઉત્તરા ઉઠી.
સિંહણને પડખે સિંહબાલ સરિખડો
બાલકુમાર પરીક્ષિત હુતો.
ચન્દન–અક્ષત–પુષ્પે પિતૃપ્રવરોને
પૂજી, વન્દી, પ્રણમીને
કુલમાતા શી ઉચ્ચરીઃ ૫૯૮

'પૂજ્યને પૂજું છું,

વન્દનીયને વન્દું છું, પિતૃપ્રવરો!
આંગણે આવ્યા છો
તો આશીર્વાદ આપતા જાવ.
મહામૃગયામાં સિંહોનાં વન વેડાય
એમ કુરુક્ષેત્રમાં કેસરીનાં વન વેડાયાં.
પાછળ એક જ સિંહબાલ રહે,
પાંડુનો કહો કે કુરુનો કહો,
એવો એક જ આ ભરતકુમાર.
મહાધન્વાઓને પૃથ્વી અળખામણી લાગી
તે જઇને સ્વર્ગને સોહામણાં કીધાં.
એકાકી નિરાધાર વણુપડખિયો,
મહાવન ઉખડી પડ્યે છોડ શો,
આ બાલકુમારને પાછળ મૂકયો.
વન સિંહબાલનાં છે, જગત વીરબાલનાં છે.
અઢાર ક્ષોણી કુરુક્ષેત્રનો આ વારસ,
ભારતવર્ષ એનો ગોત્રવારસો.
પધાર્યા છો તો પાવન કરો એને,
આવ્યા છો તો આશીર્વાદ ઘો એને

કે 'ભરતગોત્રની અમરવેલ અવિનાશી હો!' ૬૧૮

જોગમાયાઓ ગાતી હતી,
કાળનો ડંકો વગાડતી જતી. ૬૨૦

સૃજનપ્રલય ખેલિયે ધૂપછાંવઃ
બ્રહ્મનન્દિની
આનન્દિની રે લોલ:
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ. ૬૨૪

પુણ્યમૂર્તિ કુલપુરોહિત ઉચ્ચર્યાઃ
'પૃથ્વીકુલનાં પ્રારબ્ધીઓ!
દેવભાષામાં તેજઅક્ષરે આલેખેલો,
બ્રહ્મલખ્યા બ્રહ્માક્ષર હોય એવો,
વાંચ્યો આ પિતૃલોકનો સન્દેશમન્ત્ર?
'ભરતગોત્રને ભવ્યતામાં ઉછેરજો. ૬૩૦
કાળને યે અન્ત આવશેઃ
ભરતગોત્ર અનન્ત ને અવિનાશી છે." ૬૩૨

'મહાનુભાવ તપોધન!

એ મહાસૂત્રનો ભાષ્યવિસ્તાર ભાખશો ?'
ગાંડીવધન્વાએ પ્રણમીને પ્રશ્ન પૂછયો.

'વીરત્વકિરીટી પુણ્યાત્મન્! સાંભળિયે.
ભવ્યતા જ મહાપ્રજાઓનાં ભાગ્ય ઘડે છે.
ભીષ્મ પિતામહ આશીર્વાદ વદ્યા કે
અગ્નિના તણખા શો આ બાલકુમાર
આત્માનો અમર અંકુર છે ભરતગોત્રનો.
સાગર સિંહ કે પર્વતશૃંગની
પડોશમાં જ નરવીરોને ઉછેરજો.
પરાક્રમનાં ધાવણ પરાક્રમ પ્રગટાવશે.
મહાપુરુષના સંગાથ સધાવજો:
મહાપુરુષો સંસારના સંજીવનમણિ છે.
મહીતલ મહિમાસૂનાં હોય તો
સૂર્યચન્દ્રના અદ્ભુત ચમત્કાર
સર્વસુલભ છે, નિત્યપ્રાપ્ય છે.
સર્વાશ્ચર્યદેશ મહાવ્યોમની ભવ્યતા
કુલકુલને આશ્રમે આશ્રમે છાયા છાય છે.
દેવ! પિતૃદર્શનમાં પુણ્ય ને પ્રેરણા છે.

ત્રિકાળની ભવ્યતા તે જગત્ઇતિહાસ.
ભુતકાળના પિતૃપડછાયાઓને છાંયડે
ભવિષ્યના ગાંડીવધન્વાઓ જન્મશે.
અવકાશને અમ્મર પાટે
કાળની પડેલી પગલીઓ એ ઇતિહાસ.
આજનાં મૂળ ગઇ કાલમાં છે;
સ્વપ્નસૃષ્ટિ શી આજની કવિતા
આવતી કાલનાં એ સંસારજીવન.
પ્રજાજનને પર્વત જેવા ઘડજો.
ભવ્યતાનાં ધાવણુ ધવરાવી ધવરાવી ને
મહીતલની મહાપ્રજાને સરજજો.
અદ્ભુત છે, જગન્મોહિની છે
ભરતગોત્રના ભાગ્યની ભવ્યતા.
ભરતગોત્રથી મનુવંશ મહિમાવન્તો છે.’

પરાક્રમમૂર્તિ પાંડુકુમારોની
દૃષ્ટિમાં દિશાઓ સમાઇ ગઇ.
ભાવીની કંઇ કંઇ સ્વપ્નસૃષ્ટિઓ
ભરતસન્તાનોની આંખડીઓમાં

તરવરતી ઉગી.

'પુરુષજાતિના વીરપ્રવરો!
યુગના યુગ ત્હમને સંભારશે,
માનવજાત ત્હમારાં મહાભારત ગાશે.
જૂવો; મૃત્યુ એટલે જન્માન્તરની વિરાટવાર્તા.
કાલગુફા એટલે ગહનતાની મહાકન્દરા.
ભૂતકાળ એટલે ભૂતાવળલોક,
શ્રાદ્ધ એટલે સ્મરણસંહિતા,
ને પિતૃલોક એટલે ઇતિહાસમહિમા.
પૃથ્વીનાં પુણ્યવન્તાંઓ!
આવડે એમને તો
પ્રારબ્ધ માત્ર છે પુણ્યપુંજ,
જીવન માત્ર છે આનન્દલીલા;
અનુભવ માત્ર છે રસપાન.
જગત એટલે ચેતનના ફૂવારા.
પિતૃલોકનાં દર્શને પાવન થયાં.
જૂવો આ છેલ્લુંવેલ્લું જોણું:
—જે જોયા પછી જન્માન્તરોમાં યે

જોવાની વાસના નહિ રહે.'

દિશાદેવ મહાસત્યોને ઠાલવતા હોય
એવા મહામુનિ બોલતા હતાઃ
જાણે કાળના કાળવૃદ્ધ પ્રતિનિધિ.
પાંડુસન્તાનોનાં નયનપોયણું પ્રફુલ્લ્યાં,
મંહી દિશાઓ જાણે સંકેલાઇ ગઈ.
ગહનતાને કાંઠડે ગેબના આભમાં
સુધાકર એક સુધાછોળ ઉછાળતો,
વિશ્વ માત્ર એમાં ઝીલતું.
બ્રહ્માંડભરમાં અમૃતની વર્ષા વર્ષતી.

'પૃથ્વીમૂર્તિ પૃથાના પુત્રો !
ચૈતન્યના પૂર્ણચન્દ્ર, અમૃતના વર્ષણહાર
નિરખો બ્રહ્માંડના આ બ્રહ્માંડનાથ.
એ જ છે દર્શન માત્રના સારસર્વસ્વ,
એ જ છે વિશ્વ આંખડલીનું અજવાળું.'

પૃથ્વીકુલમાં પ્હાડ સરિખડા

પાંચે ચે રાજયોગીન્દ્રો ઉઠ્યા,
ને પૃથ્વીના પુણ્યદંડ સરિખડા
વિશ્વજ્યોતિના ચરણારવિન્દમાં ઢળ્યા.
એમ માનવવંશના મહાવડલા
પરમાત્મન્‌ને પાયે પડ્યાઃ
જાણે સાગરમાં સરિતવ્હેણ સમાયાં.

  કિરણોમાં દૃષ્ટિકિરણ પરોવી
સૂર્યદેવને નિરખ્યા છે કદી ?
અન્તરિક્ષ ત્ય્હારે અજવાળાંની ઝડી ભાસે.
મહાસાગરની મધ્યે ઉભી
જલનાં ઝૂલતાં મહાવન નિરખ્યાં છે કદી ?
બ્રહ્માંડ એટલે જ ત્ય્હારે નિરખાય
આભ ને આભનો પડછાયો—જલ.
પૂર્ણિમાનું સરોવર ભરીને
ચન્દ્રદેવ છલકાય એમ
બ્રહ્માંડછલકાતા પરબ્રહ્મ વિરાજતા.
દેહનાં અંગો સમોવડી,
આત્માના શરીર સરિખડી,

ગિરિરાજને વનરાજી જેવી,
પ્રકૃતિ એમને પલ્લવે પલ્લવે પ્રફુલ્લતી.
દેહને વસ્ત્રાલંકારના આભરણુ આવરે,
જીવાત્માને પ્રારબ્ધનાં પડ ચ્હડે,
એમ બ્રહ્મને બ્રહ્મપ્રકૃતિ આવરતી.
સૂર્યબિમ્બમાં સૂર્યભર્ગ ભભૂકે છે,
ચન્દ્રકલાને ચન્દનીની વેલ ચ્હડેલી છે,
બ્રહ્મને એવી બ્રહ્મપ્રકૃતિ વળગેલી હતી.
આકાશનાં ઉદ્યાન સમેટાઇ
સૂર્યો ને મહાસૂર્યોનો પુંજ પ્રગટે
ત્હો યે ન થાય એ જ્યોતિર્પુંજની તોલે.
કોટી તરંગે તરવરતો સાગર
તરંગાવલી શું ખેલે-રમે,
એવું સૃષ્ટા સૃષ્ટિ શું ખેલતા-રમતા.
બ્રહ્માંડ ભરી ઉછળતી હતી એ બ્રહ્મલીલા.

'પૃથ્વીપરાક્રમવન્તા માનવમેઘ!
નિરખો પરબ્રહ્મની આ આનન્દલીલા,
સૃષ્ટા ને સૃજનની આ રસરમણુા.

નિત્ય અખંડ અનસ્ત અવિકારી
અનેક વર્ણોમાં એ આનન્દવર્ણી.
શ્રુતિ ભગવતી ભાખે છે એને
रसो वै सः ની દેવવાણીએ.
આનન્દો, આનન્દો, ધર્મરાય!
ત્હમે તો ધર્મ જ આચર્યો છે સદા.
પાંડુપુત્રોની આયુષ્યલીલા એટલે
અવનીનું અદ્દ્ભુતજ્યોત અજવાળિયું.'

સરતા મેઘાડંબર શી
ધર્મરાયની વિષાદવાદળી સરી ગઇ:
આનન્દઓવારે જઇ કુન્તીકુમારો ઉભા.
બ્રહ્મદર્શને બ્રહ્માનન્દ પ્રગટ્યો.
અન્તરમાં અજવાળાં ઉગ્યાં,
જગતનાં અન્ધારાં ઉતર્યાં.
મહાત્મન્ કો આશીર્વાદ ઉચ્ચરતા હોય,
ભવિષ્યવેત્તા કો ભાગ્ય વાંચતા હોય,
એવી કાળગંભીર વાણે
હસ્તિનાપુરના ધર્મમુગટધારી બોલ્યાઃ

'જ્ય્હાં બ્રહ્મર્ષિની બ્રહ્મદૃષ્ટિ છે,
જ્ય્હાં પુરુષાતનના પરાક્રમ છે,
ત્ય્હાં અખંડમ્હોરન્તી આનન્દલક્ષ્મી છે.
કૃષ્ણચન્દ્રે કુરુક્ષેત્ર જીતાડ્યું;
મહાત્મન્! આપે જીવનને જીતાડ્યાં.
જાણે બ્રહ્માંડ જીતી બ્રહ્મસિંહાસને બેઠા.'

પુણ્યપરાક્રમી જીવનવિજયી
કુન્તીકુમારોને રોમરોમે,
ભાથામાંથી શરમંડળ પ્રગટે એમ,
આનન્દનાં કિરણમંડળ પ્રગટ્યાં:
પર્વતરાજને પુલકાવલી શી વૃક્ષરાજી ડોલે
એમ અંગે આનન્દરાજી ડોલી રહી.
નયને ભાવીનાં અંજન અંજાયાં.
ત્રિલોકને હિન્ડોલે ડોલતી દૃષ્ટિ
પ્રારબ્ધના મેઘ જેવી ગોરંભી રહી:
દેવસૃષ્ટિના સ્વપ્નતરંગો સમા
મંહી કંઇ કંઇ ઇન્દ્રધનુષ્ય મંડાયાં.
ઘડીયેક એમ વીતી ગઇ.

પછી, નાટક સંકેલી નટવર પધારે એમ,
મેઘ વિદારી સૂર્ય પ્રગટે, તેમ
ભરતકુલના પરમ હિતસ્વી,
સ્વજનસમસ્તના પરમ કલ્યાણક,
આનન્દાવતાર કૃષ્ણચન્દ્રનાં
એ જ્યોતિર્મંડલે દર્શન થયાંઃ
જાણે દેવસિંહાસને વિરાજેલા દેવાધિદેવ.
અને પછી તો લાગ્યું કે જાણે
એક ભાગ્યે કિરીટ થઈને બેઠા,
બીજો બાહુએ પુરુષાતન થઈને વિરાજ્યો,
ત્રીજો દિગ્કાળદ્રષ્ટા ચક્ષુનો તારો થઈ શોભ્યો,
ચોથો એ વિશ્વાનન્દ મૂર્તિનો
વરણાગિયો આનન્દવર્ણ બની રહ્યો.
મહામુનિને ધર્મરાય ભાસ્યા જાણે
કૃષ્ણદેવની વિશ્વકલ્યાણક ધર્મબુદ્ધિ.
દેહની પાંચ ઇન્દ્રિયો સમોવડા
પાંચે ય પાંડુપુત્રોને વ્યાસનારાયણે
પરબ્રહ્મની પંચેન્દ્રિયો સમા નિહાળ્યા.

આત્માઓ પરમાત્મામાં ઠલવાય
એમ અગ્નિઓ વિશ્વઅગ્નિમાં જઇ બૂઝાયા.
બ્રહ્મદેહે ભારતપ્રવરોનાં બ્રહ્મસ્થાન નિહાળી
મહાત્મન્ એ મુનિપુંગવના
અંગઅંગમાંથી આનન્દનાં ઓઘ ઉછળ્યા,
ને દુંદુભિનાદે બ્રહ્મધ્વનિ ગાજી ઉઠયો:
'જય બ્રહ્માનન્દ!' 'જય બ્રહ્માનન્દ!' ૮૦૦

જગતને જગાડતી
જોગમાયાઓની કારમી કાલઘંટા
બ્રહ્માંડચક્રની દન્તુડીએ દન્તુડીએથી
અખંડ વાગતી હતી,
હરિનાં લીલાગીત ગુંજારતી હતી:
જાણે ત્રિકાળનો ડંકો વાગ્યો. ૮૦૬

બ્રહ્મનન્દિની
આનન્દિની રે લોલ:
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ. ૮૦૯

કાળચક્રની ઘટમાળ સમોવડું, ૮૧૦

સદાશિવની રૂંઢમાળ સરિખડું,
મહાસૂર્ય ફરતી સૂર્યમાળા સમું,
ઠલવાતા ને ભરાતા લોકચક્ર જેવું,
કલ્યાણમૂર્તિના કલ્યાણજ્યોત મુખમંડળ શું,
કાળ ને અવકાશના આભ ખેડતું,
બ્રહ્માંડભાલે ભાગ્યના આંકડા પાડતું,
પરબ્રહ્મનું વિરાટસુદર્શન
બ્રહ્માંડચક્રાવે ચ્હડેલું હતું.
મંહી કંઇ કંઇ મહાસૃષ્ટિઓ
સંહારાતી ને સરજાતી.
મહાપ્રલયનાં ભરતીઓટ થતા.
યુગના યુગ ઉગતા ને આથમતા,
ને એમ યુગપલટાના ધૂપછાંવ પલટાતા.
જગતની જોગમાયાઓ
મૃત્યુનાં એમાં ઓરણાં ઓરતી.
એ કાળચકૂકીમાં મૃત્યુનાં યે મૃત્યુ થતાં.
એ બ્રહ્માંડચક્રનો એક જ ઘોર હતો,
આનન્દ.

અનન્તને આરે બેસી
ઇતિહાસ ને કાળનાં મહાકાવ્ય ૮૩૦
પરબ્રહ્મ એમ રચતા હતા;
મનુવંશની કૌતુકઆંખડલી
એ આશ્ચર્યો નિહાળતી ને આનન્દતી. ૮૩૩

મહિમામ્હોર્યા મનુવંશના
મહાભાગ સપૂત !
પ્રારબ્ધના પરમ પાઠ
એટલે જ આયુષ્યની આનન્દલીલા. ૮૩૭

લોકલોકના દડા ઉછાળતું,
આનન્દનો ઘોર ઘોરવતું,
પરબ્રહ્મના પરિમલ પ્રસારતું, ૮૪૦
અનન્ત ઘૂમડીએ ઘૂમતું'તું એવું
સૃજનસંહારતું મહાસુદર્શન. ૮૪૨